# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-02-2026** **Midday : 2.30 TO 2.35 PM**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

.....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# GANDHINAGAR RAJYAPAL

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ગાંધીનગરમાં ગુજરાત વિધાનસભા સંકુલ ખાતે કુલ નવ પ્રાકૃતિક કૃષિ ચીજવસ્તુઓના પ્રદર્શનનું ઉદ્ઘાટન કર્યું. ખેડૂતો અને લોકોમાં પ્રાકૃતિક ખેતી અંગે જાગૃતિ લાવવાના હેતુસર આ પ્રદર્શનનું આયોજન કરાયું છે. રાજ્યપાલશ્રી સહિતના મહાનુભાવોએ વિવિધ સ્ટૉલની મુલાકાત લઈ તેમાં પ્રદર્શિત કરાયેલી પ્રાકૃતિક ચીજવસ્તુઓનું નિરીક્ષણ કર્યું. આ અંગે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ વધુ માહિતી આપી.

(BYTE: SHANKAR CHAUDHARI, SPEAKER,
GUJARAT ASSEMBLY)

. . . . . . . . . . . . .

# GRUH NIRMAN BOARD

રાજ્ય સરકાર દ્વારા વિવિધ આવાસ યોજનાના લાભાર્થીઓને દંડનીય વ્યાજમાં 100 ટકા માફી આપવાની યોજનાને મંજૂરી અપાઈ છે. ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બૉર્ડની ભાડા ખરીદ પદ્ધતિથી તૈયાર થયેલા EWS, L.I.G, M.I.G, કૅશલૉન આવાસના લાભાર્થીઓને મૂળ હપ્તાની ચૂકવવાની બાકી રકમ પર બાકી દંડના વ્યાજમાં આ માફી અપાશે, જે 31 જાન્યુઆરી 2026થી છ મહિના સુધી લાગુ રહેશે.

અત્યાર સુધીમાં અંદાજે 142 લાભાર્થીએ મુદલની 40 લાખ 31 હજાર 394 રૂપિયા ભરી ત્રણ કરોડ 16 લાખ 96 હજાર 832 રૂપિયા જેટલી દંડની રકમની વ્યાજમાફીનો લાભ મેળવ્યો છે , તેમ ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બૉર્ડના એસેટ મેનેજર દ્વારા જણાવાયું છે.

. . . . . . . . . . . . .

# VIBRANT COMMUNITY SPACE

રાજ્યની મહાનગરપાલિકાઓમાં વિષયવસ્તુ આધારિત "નમો ગૌરવ પાર્ક" બનાવાશે. રાજ્યના શહેરીજનોને મનોરંજક પ્રવૃત્તિઓ માટે બહોળી સામૂદાયિક જગ્યા પૂરી પાડવા આ પાર્ક તૈયાર કરાશે. તેમાં રમતગમત, સ્વાસ્થ્ય અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટેની સુવિધાઓ હશે.

આ પહેલ થકી બાળકો, યુવાનો અને વરિષ્ઠ નાગરિકો એમ તમામ વયજૂથના લોકોને આધુનિક અને આકર્ષક મનોરંજન સુવિધા પૂરી પડાશે. આ માટે રાજ્યના અંદાજપત્રમાં શહેરી વિકાસ અને શહેરી આવાસ વિભાગ હેઠળ 20 કરોડ રૂપિયાની ફાળવણી પણ કરવામાં આવી છે.

. . . . . . . . . . . . .

# DWARKA FULDOL UTSAV

દેવભૂમિદ્વારકાના જગત મંદિરમાં આગામી ત્રીજી માર્ચે ધુળેટીના તહેવાર નિમિત્તે ફૂલડોલ મહોત્સવની ઉજવણી કરાશે. તેમાં ભાગ લેવા મોટી સંખ્યામાં પગપાળા ભક્તો દ્વારકા આવી રહ્યા છે. શ્રદ્ધાળુઓની સગવડ માટે દ્વારકા તરફ જવાના રસ્તા પર સેવા શિબિરનું આયોજન કરાયું છે. તેમાં પદયાત્રીઓ માટે ચા , નાસ્તો, જમવા અને આરામ કરવા સહિતની સુવિધા કરવામાં આવી છે.

આ અંગે સાભળીએ એક પદયાત્રીનો પ્રતિભાવ...

(બાઈટ - પદયાત્રી)

. . . . . . . . . . . . .

# 108 EMRI HOLI TAIYARI

રાજ્યમાં 108 ઇમરજન્સી સેવા દ્વારા આગામી હોળીના તહેવારમાં ઇમરજન્સી કેસને લઈ વિશેષ તૈયાર કરવામાં આવી છે. આ અંગે 108 ઇમરજન્સી સેવા ગુજરાતના મુખ્ય સંચાલન અધિકારી – C.O.O. જસવંત પ્રજાપતિએ લોકોને હોળીની ઉજવણી દરમિયાન સલામતીને પ્રાથમિકતા આપવા અનુરોધ કર્યો છે. તેમણે કહ્યું , રાજ્યભરમાં હોળીના તહેવાર નિમિત્તે એક હજાર 493 ઍમ્બુલૅન્સ સંપૂર્ણ રીતે કાર્યરત્ રહેશે. તેમજ ઝડપી પ્રતિસાદ માટે હૉસ્પિટલ્સમાં વધારાના કર્મચારીઓની નિમણૂક કરાશે.

. . . . . . . . . . . . .

# JANJATIYA YUVA PROGI

માય ભારત સુરત દ્વારા 17-મા જનજાતીય યુવા આદાન-પ્રદાન કાર્યક્રમનો પ્રારંભ કરાયો. યુવા બાબતો અને રમતગમત મંત્રાલય તથા ગૃહ મંત્રાલયના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા કાર્યક્રમમાં ઓડિશા , છત્તીસગઢ, ઝારખંડ અને મહારાષ્ટ્ર રાજ્યમાંથી અંદાજે 250 યુવાન જોડાયા છે. અંતરિયાળ વિસ્તારના યુવાનોને વિકાસની મુખ્યધારામાં જોડવાનો અને રાષ્ટ્રીય એકતાની ભાવના મજબૂત કરવાના હેતુસર આ કાર્યક્રમનું આયોજન કરાયું છે.

આ પ્રસંગે રાજ્યસભા સાંસદ ગોવિંદ ધોળકિયાએ યુવાનો સાથે સંવાદ કરી તેમને ઉજ્જવળ ભવિષ્ય માટે પ્રેરિત કર્યા.

. . . . . . . . . . . . .

# JK PUNJAB DELIGATION

રાજ્યના પ્રવાસે આવેલા   જમ્મુ-કશ્મીર અને પંજાબના વરિષ્ઠ પત્રકારોના પ્રતિનિધિમંડળે ગુજરાત વિધાનસભાની મુલાકાત લીધી. તેમણે રાજ્યની વિવિધ વિકાસલક્ષી પરિયોજના અંગે માહિતી મેળવી. તેમજ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સાથે મહત્વના વિષય પર સંવાદ કર્યો.

. . . . . . . . . . . . . .